# 19

## સુરત અને અમરેલી જિલ્લામાં નકલી ઘી બનાવતી ફેક્ટરીઓ

*15/4/2579 **શ્રી ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય આરોગ્યમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને અમરેલી જિલ્લામાંથી જિલ્લાવાર નકલી ઘી બનાવતી કેટલી ફેક્ટરીઓ પકડવામાં આવી, | (૧) | માહિતી શુન્ય છે . |
| (૨) | ઉક્ત ફેક્ટરીમાંથી કયા પદાર્થોમાંથી કેટલું નકલી ઘી બનાવ્યાનું સામે આવ્યું, | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી . |
| (૩) | નકલી ઘીનું વેચાણ અને ઉત્પાદન કરતાં ઉક્ત કયા એકમના કેટલા ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) | ઉક્ત સ્થિતિએ નકલી ઘીનું ઉત્પાદન અને વેચાણ અટકે તે માટે શા પગલાં લેવામાં આવ્યા? | (૪) | ➢ નકલી ઘીનું ઉત્પાદન અને વેચાણ અટકે તે માટે તંત્ર દ્વારા સમગ્ર રાજ્યમાંથી સમયાંતરે “ઘી” ના નમૂનાઓ લેવામાં આવે છે.<br>➢ “ઘી” ઉત્પાદક પેઢી, રીટેલર/હોલસેલર વિગેરેઓના ત્યાંથી સમયાંતરે ઇન્શપેક્શન કરવામાં આવે છે.<br>➢ માર્કેટમાં ચાંપતી નજર રાખી “શંકાસ્પદ ઘી” ના તાત્કાલિક નમૂનાઓ લઇ કાયદા અન્વયેની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. નમૂનો લીધા બાદ આવો જથ્થો સીઝ કરવામાં આવે છે.<br>➢ Food Safety on Wheels (FSW) Mobile Food Testing Van થકી માર્કેટમાં સતત ઘી નું ઉત્પાદન તથા વેચાણ કરતા એકમોની તપાસ કરી સ્થળ પર જ ટેસ્ટીંગ કરવામાં આવે છે. વધુમાં આ વાન દ્વારા જાહેર જનતામાં “નકલી ઘી” અંગે અવેરનેસના કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે.<br>➢ FSSAI દ્વારા FoSTaC-Food Safety Training & Certification કાર્યક્રમ અંતર્ગત ખાદ્યચીજોનું ઉત્પાદન કરતા એકમોમાં તાલીમ આપવાની કામગીરી કરવામાં આવે છે. |

---------------